શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

# ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
## સર્વ શિક્ષા અભિયાન
સેકટર નં. ૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૭, ગુજરાત રાજય
ફોન નં. :૦૭૯–૪૩૧૩૩
ફેકસ :– ૦૭૯–૨૩૨૩૨૪૩૬
ટોલ ફ્રી નંબર : ૧૮૦૦–૨૩૩–૭૯૬૫

**ક્રમાંક : એસએસએ/MIS/** ૩૭૬૮૯-૭૭૫ **તારીખ :૨૫/૮/૨૦૧૩**

પ્રતિ
(૧)જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા: તમામ
(૨) જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેકટ કચેરી, એસએસએ,
જિલ્લા: તમામ
(૩) શાસનાધિકારીશ્રી
મહાનગર પાલિકા : અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા

**વિષય : EDUSAT થી પ્રસારિત થનાર U-DISE અંગેના Orientantion કાર્યક્રમમાં હાજર રહેવા બાબત.**

સંદર્ભ : NUEPA, New Delhi નો પત્ર નં. No.NUEPA(Tp-Edusat)2013-14 તા. ૧૮/૭/૨૦૧૩

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, NUEPA, New Delhi દ્વારા આયોજીત U-DISE Data Capture Format અંગેના ઓરીએન્ટેશન કાર્યક્રમ EDUSAT દ્વારા તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ હિન્દીમાં અને ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ અંગ્રેજીમાં પ્રસારિત થનાર છે.

સદર કાર્યક્રમમાં આપશ્રી, ડિસ્ટ્રીકટ એમ.આઈ.એસ. કો.ઓર્ડિનેટર, બ્લોક એમ.આઈ.એસ. કો.ઓર્ડિનેટર્સ અને બીઆરસી કો.ઓર્ડિનેટર્સ, સીઆરસી કો.ઓર્ડિનેટર્સ, RMSA સ્ટાફ તેમજ શાળાના મુખ્ય શિક્ષકોને તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ U-DISE Data Capture Formatની વિસ્તૃત સમજ મળી રહે તે માટે નીચેના કાર્યક્રમ પ્રસારણ માધ્યમોમાંથી જે જગ્યાએ સુવિધા ઉપલબ્ધ હોઈ તે જગ્યાએ ઉપરોકત તમામ હાજર રહી આ કાર્યક્રમ નિહાળે તેવી વ્યવસ્થા ગોઠવવા આપની કક્ષાએથી સુચના આપવાની રહેશે.

| તારીખ | સમય | કાર્યક્રમ પ્રસારણ માધ્યમો |
|---|---|---|
| તા. ૬/૯/૨૦૧૩ (હિન્દીમાં) | ૧૦:૦૦ કલાકથી ૧૩:૧૫ | ૧. IGNOU Receiving Center<br>૨. DTH facility – Gyan Darshan II<br>૩.ઈન્ટરનેટના માધ્યમથી:<br>http//www.ignouonline.ac.in/broadcast |
| તા. ૧૩/૯/૨૦૧૩ (અંગ્રેજીમાં) | ૧૦:૦૦ કલાકથી ૧૩:૧૫ | |

આ માટે આપના જિલ્લા એમ.આઈ.એસ. કો.ઓર્ડિનેટરને આ કામગીરી માટે નોડલ ઓફિસર બનાવી આપના જિલ્લાના IGNOU Center માં પ્રસારણ અંગેની વ્યવસ્થા તેમજ જિલ્લામાં મહત્તમ કર્મચારી કે જે આ U-DISE અંગેની કામગીરી સાથે સંકળાયેલા છે તે લોકો આ કાર્યક્રમનો લાભ લે તેમજ તમામને U-DISE અંગેના તમામ પ્રશ્નોના નિરાકરણ પણ કોન્ફરન્સના પ્રશ્નકાળ દરમ્યાન પુછવા.

જો આપના જિલ્લાના IGNOU Center માં પ્રસારણ અંગેની વ્યવસ્થા તથા સંભવિત તાલીમાર્થીની બેસવાની વ્યવસ્થા કરવાની થતી હોય તો આપની કક્ષાએથી જરૂરી આદેશ તથા IGNOU Center સાથે પત્ર વ્યવહાર તથા અન્ય જરૂરી વ્યવસ્થા થવા જણાવવામાં આવે છે.

સદર કાર્યક્રમના વ્યાપક પ્રચાર–પ્રસાર માટે પોસ્ટરની સોફટકોપી આ સાથે સામેલ છે તેમજ www.dise.in (Orientantion Programme on U-DISE Data Capture Format through EDUSAT) ઉપર પણ ઉપલબ્ધ છે.

(મુકેશ કુમાર, IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સર્વ શિક્ષા અભિયાન અને
કમિશ્નર ઓફ મધ્યાહન ભોજન
અને પ્રા.શિ. ગુજરાત

બિડાણ : કાર્યક્રમનું સમયપત્રક

**જય ભારત સહ નકલ રવાના જરૂરી કાર્યવાહી સારૂ:**

– કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. ૯, ૧લો માળ, સચિવાલય, ગાંધીનગર